# શહેર ઠંડુગાર : પારો ૬.૩ ડિગ્રી

## જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં હાડ થીજવતી ઠંડીનો સામનો કરી રહેલા નગરજનો

ગાંધીનગર, તા.૩૦

શનિવારે રાત્રે શહેરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળતા શહેર આખું ઠુંઠવાયું હતું. છેલ્લા બાર દિવસથી ઠંડીએ ગાંધીનગરને બાનમાં લીધું હોય, શહેર આખું થર થર ધ્રુજતું હોય એમ લાગી રહ્યું છે. દર વર્ષે ઠંડીનું મોજું આવે છે પરંતુ બહુ બહુ તો ત્રણ કે ચાર દિવસમાં ઠંડીની અસર ઘટે છે પરંતુ આ વખતે સતત બાર દિવસથી ૧૦ ડિગ્રીથી નીચે તાપમાન રહેતા જનજીવન પર તેની ઘેરી અસર દેખાય છે. કાતિલ ઠંડીના કારણે શરદી, સળેખમ અને ખાંસીનો ઉપદ્રવ વધતા ડોકટરોને ત્યાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. નાના બાળકોથી માંડીને વૃધ્ધો સુધી સૌ કોઈ ઠંડીની લપેટમાં આવ્યા છે. ખાસ કરીને કાતિલ ઠંડીના કારણે શહેરના સિનિયર સિટિઝનો ભારે હાલાકી અનુભવે છે.

ગાંધીનગર શહેર છેલ્લા ઘણા દિવસોથી આકરી ઠંડીથી ઘેરાયું છે. કાતિલ ઠંડીના મોજામાં આખું શહેર જાણે ઘેરાયું છે. જાન્યુઆરી માસની શરૂઆતથી જ શહેરમાં ખુબ ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન એક આંકડામાં નોંધાઈ રહ્યું છે. લઘુત્તમ તાપમાન તો ખુબ ઓછું છે જ સાથે સાથે ઠંડા પવનો ફુંકાતા વસાહતીઓ રીતસર ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. પવનોની ગતિ ખુબ જ તીવ્ર રહેતા આખો દિવસ ઘરના બારી બારણાં બંધ રાખવા પડે છે. સુર્યોદય બાદ પણ ઘણા કલાકો સુધી ઠંડીની તીવ્ર અસર રહેતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહે છે. ઠંડીથી બચવા ઘણા વસાહતીઓ તડકામાં બેસી રહે છે. ઘરમાં પણ આખો દિવસ સ્વેટર શાલ પહેરવા પડે તેવી આકરી ઠંડી પડે છે. સાંજ પડતા જ પુનઃ શહેરમાં તીવ્ર ઠંડીનું મોજું ફરી વળે છે. ઠંડીની અસર વધુ રહેતા બજારો પણ વહેલા બંધ થઈ જાય છે. શાકમાર્કેટમાં પણ સાવ ઓછી ભીડ જોવા મળે છે. સાંજ પડતા જ વસાહતીઓ ઘરમાં



પુરાઈ જાય છે. આકરી ઠંડીની અસરથી સેકટરોના આંતરિક માર્ગો ખુબ વહેલા સુમસામ થઈ જાય છે. છેલ્લા બારેક દિવસથી ઠંડીનુ મોજું શહેરમાં ફરી વળ્યું છે. લઘુત્તમ તાપમાન સતત એક ડિજિટમાં નોંધાતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. ગઈકાલે રાત્રે પુનઃ ઠંડીનું તીવ્ર મોજું વસાહતીઓએ અનુભવ્યું હતું. થોડાક દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું પછી થોડીક રાહત મળી હતી અને લઘુત્તમ તાપમાન સતત ૭ થી ૮ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું. પરતુ ગઈકાલે રાત્રે પુનઃ લઘુત્તમ બે ડિગ્રી જેટલું ઘટીને ૬.૩ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓ થર થર ધ્રુજયા હતા જયારે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. રહ્યું હતું.

છેલ્લા ત્રણ દિવસથી ૮ ડિગ્રીની આસપાસ રહેતું તાપમાન આજે વધુ ૨.૫ ડિગ્રી ગગડતા રાજ્યનું બીજા નંબરનું ઠંડુ શહેર બન્યું હતું. દિવસના તાપમાનમાં ૪ ડિગ્રીનો ઉછાળો આવ્યો છે. જ્યારે રાત્રિનું તાપમાન ઘટ્યું હતું. સતત બારમાં દિવસે સીંગલ ડીઝીટમાં રહેતું લઘુતમ તાપમાનના પગલે નાગરિકો તોબાતોબા પોકારી ગયા હતા.

કાતિલ ઠંડીને કારણે શહેરના બજારોમાં પણ સાંજે ૬ વાગ્યા પછી મંદીનો માહોલ જોવા મળ્યો હતો. મોડીરાત્રે પણ શહેરના માર્ગો સુમસામ જોવા મળ્યા હતા. વહેલી સવારે મોર્નીંગ વૉકર્સ પણ ઠીક ઠીક મોડા આવતા દેખાયા હતા. આમ ઠંડીના કાતિલ મોજાએ ગાંધીનગરના જનજીવનને ઘેરી અસર પહોંચાડી છે. છેલ્લા દાયકામાં પ્રથમ વખત બાર-બાર દિવસથી લઘુતમ તાપમાન આટલું નીચું રહેતા હવામાન શાસ્ત્રીઓ પણ ચિંતામાં ડૂબ્યા છે. અગાઉ કરાયેલી આગાહી મુજબ ગઈકાલેથી તાપમાન વધવાનું હતું પરંતુ કોઈ અણસાર વર્તાતા નથી. જોકે આગામી દિવસોમાં ઠંડી ઘટશે એવું અનુમાન લગાવાઈ રહ્યું છે.

# આજે મનપાનું ડ્રાફ્ટ બજેટ

**કમિશનર ડો. ધવલ પટેલ ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરશે : પડકારો વચ્ચે ખર્ચ નિયંત્રણ તેમજ મર્યાદિત આવકના સ્ત્રોતોનો ઉપયોગ કેવી રીતે કરે છે તેના પર સૌની નજર મંડાઈ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાનું અગિયારમુ ડ્રાફ્ટ અંદાજપત્ર મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ સ્થાયી સમિતિ સમક્ષ આજે રજુ કરશે.

મનપાની હદ વધ્યા પછીનું આ પ્રથમ અંદાજપત્ર છે અને તે ૫૦૦ કરોડને આંબી જશે તેમ મનાઈ રહ્યુ છે. સંભવતઃ પુરાંતલક્ષી બજેટ રજુ કરવામાં આવશે.

મનપાની હદ વધ્યા પછી કમિશનર સામે અનેકવિધ પડકારો છે તેમજ આવકના સ્ત્રોત પણ મર્યાદિત છે ત્યારે તેઓ તેમના આ બજેટમાં શું શું લઈ આવશે તેને લઈ સૌની ઉત્સુકતા વધવા પામી છે.

નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં હવે સમાન મિલ્કતવેરો થતાં મિલ્કતવેરાની આવક વધશે. પરંતુ તંત્રએ તેની સેવાઓને ગ્રામ્ય વિસ્તારમાં સઘન કરવી પડશે. વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે.

મનપાના મહેકમ ખર્ચનું ભારણ વધવાની સાથે સાથે મહેમકનું સુદઢીકરણ અને મહેકમના કેપીસીટી બિલ્ડીંગ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે.

નવા કમિશનર આવકના નવા કયા સ્ત્રોત ઉભા કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. વ્યવસાય વેરાની આવક વધી છે તેમાં હજુ વધારો કરવા પર ભાર મુકાશે. આ ઉપરાંત મોબાઈલ ટાવરના ભાડા વસુલવામાં આવે છે તેમાં વધારો થઈ શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

મનપા દ્વારા ખર્ચ નિયંત્રણ કરવામાં નહિ આવે તો મનપાની આર્થિક સ્થિતિ પણ કથળી શકે છે. હજુ સરકારે માત્ર સેવામાં વિધિવત સફાઈની જ સેવા આપી છે. પાણી, ગટર, લાઈટની સેવાઓ ઉપરાંત આરોગ્ય અને શિક્ષણની સેવાઓ આવતાં ખર્ચમાં તોતીંગ વધારો થશે તેને પહોંચી વળવા અત્યારે આર્થિક ક્ષમતા કેળવવી જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

### મનપાના ૧૧ મા કમિશનર મનપાનું ૧૧મુ બજેટ રજુ કરશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મનપાના ૧૧મા મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ આજે મનપાનું ૧૧મું બજેટ રજુ કરશે. આ એક યોગાનું યોગ છે.



ગાંધીનગર મનપાનુ ૧૧મુ બજેટ છે પણ નવા ભેળવવામાં આવેલ વિસ્તારો પછીનું આ પ્રથમ બજેટ છે. વર્ષ-૨૦૨૧-૨૨માં મનપાનું અંદાજપત્ર સ્થાયી સમિતિએ મંજૂર કર્યુ હતુ અને ત્યારબાદ કોરોનાની મહામારીને કારણે તે જ મંજૂર રહ્યુ હતુ.

ગાંધીનગર મનપાનું આજે રજુ થનારૂ ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ રજુ થયા બાદ એક સપ્તાહમાં સ્થાયી સમિતિને તેને આખરી સુધારો-વધારો સાથે સામાન્ય સભાને મોકલી આપશે.

# શહેરમાં નવા ૩૦૪ કેસ નોંધાયા

**૩૯૮ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયું : સે. ૩ માં ૧૦ માસની દિકરી સંક્રમિત થઈ : સે. ૨ માં ૫૨ કેસ નોંધાયા : સે. ૭ માં ૨૯ કેસ, સે. ૪ માં ૧૭, સે. ૩ માં ૧૧, સે. ૩૦ માં ૧૨, સે. ૨૨ માં ૧૦ કેસ નોંધાયા શહેરમાં નોંધાયેલા કેસોમાં વાવોલમાં ૨૯, સરગાસણમાં ૨૨, કુડાસણમાં ૧૫, રાંદેસણમાં ૭, રાયસણમાં ૮, પેથાપુરમાં ૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩૦૪ કેસ નોંધાયા છે. શહેરમાં પુનઃ કોરોના રિટર્ન્સ થતુ હોય તેવુ જોવા મળી રહ્યુ છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે.

આજે નોંધાયેલા કેસોની સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૬૬૦૦ને પાર કરી ગયેલ છે.

શહેરમાં મહિલા, બાળ દર્દીઓ તેમજ ૧૧ થી ૨૦ વયના જૂથમાં અને વયસ્કોની સંખ્યા સંક્રમિત તરીકેની વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સતત સુધારા પર હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૩૯૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા એક સપ્તાહમાં ૨ હજાર દર્દીઓ રિકવર થયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૮૧ મહિલા દર્દીઓ છે. જ્યારે ૪૨ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા જણાયા છે. ૨૫ દર્દીઓ ૧૧ થી ૨૦ વર્ષના વયજૂથના છે.

શહેરમાં આજે ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના ૬ બાળ દર્દી નોંધાયા છે. જેમાં સે. ૭ માં ૯ વર્ષનો દિકરો, સે. ૨ માં ૯ વર્ષનો દિકરો, સરગાસણમાં ૯ વર્ષનો દિકરો, સરગાસણમાં ૫ વર્ષનો દિકરો, સે. ૪ માં ૬ વર્ષનો દિકરો અને સે. ૩ માં ૧૦ મહિનાની દિકરી સંક્રમિત થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં વાવોલમાં ૨૯, સરગાસણમાં ૨૨, કુડાસણમાં ૧૫, રાંદેસણમાં ૭, રાયસણમાં ૮, પેથાપુરમાં ૬ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત કોબામાં ૪, જીઈબીમાં ૩, ઈન્ફોસીટીમાં ૨, ગોકુળપુરામાં ૨, કોલવડામાં ૨, ઝુંડાલમાં ૫, ભાટ-ખોરજ-અંબાપુરમાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

સે. ૨ માં આજે ૫૨ કેસ નોંધાયા છે. તો સે. ૭ માં ૨૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૪ માં ૧૭, સે. ૩ માં ૧૧, સે. ૩૦ માં ૧૨, સે. ૨૨ માં ૧૦ કેસ નોંધાયા છે. સે. ૨૯ માં પણ ૧૨ કેસ નોંધાયા છે.

સે. ૨, ૩, ૪, ૭, ૨૨ અને ૩ તેમજ ૨૯ બીજી લ્હેરમાં પણ સંવેદનશીલ હતા આ વખતે આરંભથી જ આ સેક્ટરોમાં કેસો વધુ મળી રહ્યા છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સે. ૧૩, ૧૯ માં ૫-૫ કેસ, સે. ૨૦, ૨૭ માં ૬-૬ કેસ, સે. ૫, ૬, ૧૪, ૨૪, ૨૬ માં ૩-૩ કેસ નોંધાયા છે.

શહેરમાં વધી રહેલા સંક્રમણને પગલે તંત્રએ ટેસ્ટીંગમાં વધારો કર્યો છે. શહેરમાં કોરોના માઈલ્ડ સિમ્ટસ ધરાવતા દર્દીઓ વધુ હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે પણ ૨૮૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

**જોઈએ છે**

વાવોલ-કોલવડા રોડ પર અસહાય કૂતરાઓ માટે બનાવાયેલા ડૉગ શેલ્ટર હોલમમાં સફાઈ કામદારની જરૂર છે. યોગ્ય પગાર આપવામાં આવશે.

સંપર્ક
મા એનિમલ ફાઉન્ડેશન
રાજુભાઈ - મો.૯૭૧૨૫૭૭૨૩૦

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૧ કેસ : ૨૦૩ને ડિસ્ચાર્જ

**૯ દિવસનો દિકરો અને ૮ મહિનાની બાળકી સહિત ૮ બાળ દર્દીઓ સંક્રમિત : દહેગામમાં ૪૫, ગાંધીનગરમાં ૬૭, કલોલમાં ૫૫, માણસામાં ૪ કેસ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૭૧ કેસ નોંધાયા છે. બે દિવસથી કેસોની સંખ્યા વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે કોરોનાના કેસોની સંખ્યા ૩ હજારના આંકને પાર કરી ગઈ છે.

કેસોની વધઘટને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૩ મોત થયાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. બિન સત્તાવાર આંક ૪ થાય છે.

કલોલ તાલુકાના રાંચરડા ગામના દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું છે. આ દર્દી કો. મોર્બિડ હોવાનું તંત્રના સૂત્રોનુ કહેવુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૧૬૫ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમની અસરકારક અમલવારી થાય તે માટે કડક તાકીદ કરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૪૫, ગાંધીનગરમાં ૬૭, કલોલમાં ૫૫ અને માણસામાં ૪ કેસનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦૦થી વધુ મહિલા, ૩૩ વિદ્યાર્થી, ૮ સરકારી કર્મચારી, ૧૮ ખેડૂતનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારામાં ત્રણ આરોગ્ય કર્મીઓ છે જેમાં એક ફિમેલ હેલ્થવર્કર, એક સીએચઓ અને એક એ.એન.એમ.નો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૨૧ દર્દીઓ ૬૦ કે તેથી વધુ વયના છે તો ૨૩ દર્દીઓ ૧૧ થી ૨૦ વર્ષના વયજૂથના છે. જિલ્લામાં મહિલાઓ અને વયસ્કો સંક્રમિતોની યાદીમાં સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. હોસ્પિટલમાં દાખલ થનારાઓની સંખ્યા પણ ધીમી ગતિએ શરૂ થઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ બાળદર્દી નોંધાયા છે. જેમની વય ૧૦ વર્ષ કે તેથી ઓછી છે. જિલ્લામાં બાળકો સંક્રમિત થવાની ઘટનાને તંત્ર ગંભીરતાથી લઈ રહ્યુ છે અને તેને લઈ તંત્રની ચિંતા પણ વધવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ
નવ નિયુક્ત હોદ્દેદારશ્રીઓને
હાર્દિક અભિનંદન અને શુભેચ્છા




શ્રી પિનાકીન એમ. રાવલ
(પ્રમુખ) શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ

શ્રીમતી ધારીણીબેન શુકલ
(પ્રમુખ) મહિલા પાંખ

મહિલા પાંખના હોદ્દેદાર
ઉપપ્રમુખ
- શ્રીમતી નીલાબેન શુકલ
- શ્રીમતી રીનાબેન રાવલ
- શ્રીમતી અમીબેન ઉપાધ્યાય
- શ્રીમતી રીનાબેન પંડયા
મહામંત્રી
- શ્રીમતી સ્મીતાબેન જોષી

સહમંત્રી
- શ્રીમતી જાગૃતિબેન પુરોહિત
- શ્રીમતી સોનલબેન ત્રિવેદી
સંગઠન મંત્રી
- શ્રીમતી વિભાબેન ભટ્ટ
- શ્રીમતી પારસબેન મહેતા
- શ્રીમતી ઉન્નતિબેન જાની

શ્રી સોમનાથ મહાદેવની કૃપાથી સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખશ્રી તથા તમામ કારોબારી સભ્યોને હાર્દિક અભિનંદન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, હોદેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ અને સલાહકાર સમિતિ સભ્યશ્રીઓ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com